RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com
Year : 15, Issue : 8, Dt.20-03-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતમાં ફરી ગેંગસ્ટરો બેફામ બન્યાનો NIAનો દાવો



## દાઉદની જેમ દેશમાં ફરી આતંકી ગેંગસ્ટરનું સામ્રાજયઃ ૧૯૯૦ના દાયકા જેવી હાલત નિર્માણ થઈ રહી હોવાનો સનસનીખેજ રિપોર્ટઃ બિશ્નોઈએ દાઉદની જેમ સામ્રાજય ખડકયુંઃ તિહાડ જેલમાં બેઠા બેઠા સંચાલન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ૧૯૯૦ નાં દાયકાનાં દાઉદ ઈબ્રાહીમનાં માફીયારા જેવી હાલત ફરી બની રહ્યાનો સનસનીખેજ ખુલાસો નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ કર્યો છે. કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ તથા કૌશલ ચૌધરી ગેંગની આંતરીક દુશ્મનાવટનું કારણ દર્શાવવામાં આવ્યું છે.

એનઆઈએ દ્વારા છેલ્લા એક વર્ષથી ખાલીસ્તાની તરફી ચળવળ તથા ગેંગસ્ટર નેટવર્ક-કનેકશનની તપાસ કરવામાં આવી રહી હતી અને તેમાં કેટલીક ચોંકાવનારી માહીતી માલુમ પડી હતી.

અદાલતમાં દાખલ કરેલા ચાર્જશીટમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, ખાલીસ્તાની તથા ગેંગસ્ટરની સાંઠગાંઠ ૧૯૯૦ ના દાયકાનાં અંડરવર્લ્ડ ડોન દાઉદનાં માફીયા સામ્રાજય જેવી જ છે. દાઉદ ઈબ્રાહીમે તે વખતે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે હાથ મીલાવ્યો હતો અને બાદમાં ૧૯૯૩ માં ભારતમાં શ્રેણીબદ્ધ બોંબ ધડાકા કરાયા હતા.

એનઆઈએ હાલ ત્રાસવાદ, ગેંગસ્ટર, સીન્ડીકેટ તથા ખાલીસ્તાન તરફી ચળવળકારો સંબંધી એક ડઝનથી વધુ કેસોની તપાસ કરી રહી છે અને અત્યાર સુધીમાં ૪૫ થી વધુ શકમંદોની ધરપકડ કરી ચુકી છે.

જોકે, તેઓના હેન્ડલર કેનેડા, અમેરીકા, ઓસ્ટ્રેલીયા, દુબઈ, બ્રિટન જેવા દેશોમાં મૌજુદ હોવાથી તપાસ પડકારજનક છે. હાલ લોરેન્સ બિશ્નોઈ તથા કૌશલ ચૌધરી વચ્ચેની દુશ્મનાવટ ૧૯૯૦ ના દાયકામાં દાઉદ ઈબ્રાહીમ તથા છોટા રાજન જેવી જ છે.

બિશ્નોઈ ગેંગ પર પ્રકાશ પાડતાં એમ જણાવવામાં આવ્યું હતું કે ૨૦૦૯ થી ૨૦૧૪ સુધી લોરેન્સ બિશ્નોઈ તથા અતિંદરજીતસિંઘ ઉર્ફે ગોલ્ડી બરાડ ચંદીગઢની પંજાબ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા હતા.આ દરમ્યાન ૨૦૧૦ માં લોરેન્સ બિશ્નોઈ સામે પ્રથમ કેસ દાખલ થયો હતો. યુનિવર્સીટીનાં સ્ટુડન્ટ યુનિયનના પ્રમુખ ઉદય નારીંગ પર ફાયરીંગનો આરોપ મુકાયો હતો.

બિશ્નોઈની ધરપકડ થઈ હતી. જેલમાંથી છૂટતાની સાથે જ ગોલ્ડી બરાડ, વિક્રમ બરાડ, અનમોલ બિશ્નોઈ, સચીન થાપન તથા સંપત નહેરા સાથે મળીને ગેંગ બનાવી હતી અને જુદી જુદી કોલેજોમાં પ્રભુત્વ જમાવ્યુ હતું. ૨૦૧૨ સુધીમાં તેના વિરૂદ્ધ ૧૩ કેસ થઈ ગયા હતા અને ઘરમાંથી નાસી ગયો હતો.ગેંગનાં સાથીદારો સાથે જ રહેવા લાગ્યો હતો. શરાબ વિક્રેતાઓ ડ્રગ્ઝ દાણચોરો, વેપાર ઉદ્યોગકારોને ધમકાવીને ખંડણી વસુલાત શરૂ કરી દીધી હતી.

# રોહિંગ્યા શરણાર્થીઓને ભારતમાં કાયમી વસવાટ માટે મંજૂરી અપાશે નહીં

## સુપ્રીમ સમક્ષ થયેલી રીટ સંદર્ભમાં કેન્દ્ર સરકારે મહત્વનું નિવેદન જાહેર કર્યુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં સી.એ.એ.ના વિવાદ ચાલુ છે તે સમયે કેન્દ્ર સરકારે એક મહત્વના વિધાનમાં જાહેર કર્યુ છે કે મ્યાનમારમાંથી ભારતમાં ઘુસેલા રોહિંગ્યા શરણાર્થીઓને ભારતમાં કાયમી રીતે રહેવાની મંજુરી અપાશે નહી.



જો કે સરકારે અન્ય રજુઆતમાં સીએએ વિવાદમાં આકરુ વલણ અપનાવતા કહ્યું કે, ભારતમાં જેઓ શરણાર્થી તરીકે દાખલ થયા છે તે અંગેની સરકારની પોલીસી, નીતિ અને સંસદના જે ધારાકીય અધિકારો છે તેમાં સુપ્રીમ કોર્ટે કોઈ દરમ્યાનગીરી કરી શકે નહી.

અગાઉના સર્વોચ્ચ અદાલતના જ અનેક ચુકાદાઓને ટાંકીને સરકારે સર્વોચ્ચ અદાલતમાં રજુઆત કરતા જણાવ્યું કે, બંધારણની કલમ ૨૧ મુજબ વિદેશીઓને ભારતમાં જીવન અને સ્વતંત્રતાનો અધિકાર અપાયો છે. પરંતુ તમામને આ દેશમાં રહેવાનો કે સેટલ થવાનો અધિકાર અપાયો નથી.

આ પ્રકારના હકક ફકત ભારતીયને જ છે અને ભારત સંયુક્ત રાષ્ટ્રસંઘના શરણાર્થી અંગેના કરારને સ્વીકાર્યા નથી. જેથી રોહિંગ્યાને આ કરાર હેઠળ ભારતમાં રહેવાનો હકક માંગી શકે નહી.

# પાવર ઓફ એટર્નીથી હવે બેન્ક એકાઉન્ટ ઓપરેટ નહીં કરી શકાય

## રિઝર્વ બેન્ક દ્વારા ફાયનાન્સ કંપનીઓ સામે આકરા પગલાં ભરવાનું શરૂ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારતીય રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ફાઈનાન્સ કંપનીઓ સામે આકરા પગલા લેવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને પ્રાઈમરી માર્કેટમાં ફાઈનાન્સ કંપનીઓ આઈપીઓ ભરવા માટે મોટા પાયે ધિરાણ કરતી હતી જે હવે આરબીઆઈની નવી ગાઈડલાઈન અનુસાર નહિં કરી શકે.

છેલ્લા ઘણા સમયથી નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ પોતાની પાસે ટ્રેડીંગ એકાઉન્ટ ખોલાવનારને ધિરાણની સુવિધા આપતી હતી. આ ઉપરાંત ટ્રાઈ પાર્ટી એગ્રીમેન્ટ કરી બેન્કમાં એકાઉન્ટ ખોલાવી અને પોતાના કલાયન્ટની પાવર ઓફ એટર્ની મેળવી આઈપીઓ માટે ધિરાણ કરતી હતી.



આઈપીઓમાં રૂા.૨ લાખની મૂડીમાં રૂા.૧૦ લાખની સુવિધા ઉભી કરનારાઓ સામે હવે તવાઈ આવશે. આમ ૮૦% રોકી પોતાના ગ્રાહકો પાસેથી ૨૦% માર્જિન બની ઉઘરાવી ત્રણ થી પાંચ દિવસના ગાળા માટે રૂપિયા વ્યાજે ધિરાણ કરનારા પર પણ રોક આવશે.

એનબીએફસી કંપનીઓને આમાં ઉંચુ વ્યાજ મળતું અને ગ્રાહકને એલોટમેન્ટના ચાન્સ વધી જતા તગડો નફો થતો હતો. પરંતુ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની નવી ગાઈડ લાઈન મુજબ આવી ફાઈનાન્સ કંપનીઓ કે જે બેંકમાં પાવર ઓફ એટર્નીથી ધિરાણ કરતી હતી તેઓ આઈપીઓ માટે હવે ધિરાણ નહીં કરી શકે.

હાલમાં આઈપીઓની મોસમ ચાલી રહી છે. અનેક લોકો શેરબજારની શરૂઆત આઈપીઓ ભરવાથી કરતા હોય છે. કારણ કે ખૂબ જ ઓછા રોકાણથી શેરબજારની શરૂઆત થઈ શકે. ઉપરાંત જોખમ પણ મર્યાદીત હોય લોકો આઈપીઓ ભરતા હોય છે. ઘણી બધી નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ આઈપીઓ ભરવા માટે ટુંકા ગાળાનું ધિરાણ પણ કરતી હોય છે.''

આ ધિરાણનો સમય ફકત ત્રણ થી પાંચ દિવસનો હોય છે. આરબીઆઈ દ્વારા બેન્કોને જ સીધી સૂચનાઓ આપવામાં આવી છે કે પાવર ઓફ એટર્ની વાળા એકાઉન્ટ બંધ કરવા. આ નવા નિયમથી રોકાણકારોને ફાયદો થશે.

સાચા રોકાણકારોને એલોટમેન્ટ મળવાની શકયતા વધી જશે. રોકાણકારો-નાના રોકાણકારોને વધુ એલોટમેન્ટ મળશે. આરબીઆઈ અને સરકાર દ્વારા લેવાયેલા આ પગલાથી લાંબાગાળે પ્રાઈમરી માર્કેટ તંદુરસ્ત થશે. કંપનીઓના ભરણાઓને છલકાવાની ચાલ પર બ્રેક લાગશે.

# રાજયની વધુ ૭ લોકસભાની બેઠક માટે કોંગ્રેસે ઉમેદવારો ફાઈનલ કર્યા

## આજકાલમાં જાહેરાત કરે તેવી સંભાવનાઃ પહેલાં તબકકાનું નોટીફીકેશન પણ જાહેર થયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ની શરૂઆત થઈ ચૂકી છે. તેનું ટાઈમટેબલ જાહેર થઈ ગયા બાદ પહેલા તબક્કાનું આજે નોટિફિકેશન પણ જાહેર થઇ ગયું છે. હવે આ વચ્ચે બાકીના ઉમેદવારોની યાદી પણ જાહેર થવાની શક્યતાઓ વધી ગઇ છે. ગુજરાતમાં કોંગ્રેસે અગાઉ ૭ ઉમેદવારો જાહેર કર્યા હતા અને અને હવે તેણે વધુ ૭ લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામ ફાઈનલ કરી લીધાની ચર્ચા છે.

ગુજરાત લોકસભા બેઠકો માટે નવા



૭ ઉમેદવારોની યાદી આજકાલમાં જાહેર થઇ શકે છે. તેમાં આણંદથી અમિત ચાવડા, પાટણથી ચંદનજી ઠાકોર, દાહોદથી પ્રભાબેન તાવિયાડ, ખેડાથી કાળુસિંહ ડાભી, છોટાઉદેપુરથી સુખરામ રાઠવા, પંચમહાલથી ગુલાબસિંહ ચૌહાણ અને સાબરકાંઠાથી તુષાર ચૌધરીને ચૂંટણી મેદાને ઉતારવામાં આવે તેવી ભરપૂર શક્યતા છે. જોકે હજુ આ મામલે કોઈ પુષ્ટી થઇ શકી નથી.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે ૭ બેઠક પર ઉમેદવારો જાહેર કર્યા હતા. બે બેઠક આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને તેને પણ ફાળવી હતી. જ્યારે બીજી બાજુ ભાજપ ૨૨ નામો જાહેર કરી ચૂક્યો છે અને તેણે પણ ૪ ઉમેદવારોના નામ ફાઈનલ કરવાના બાકી છે.

# મોરબીમાં સ્ટેટ મોનીટરીંગ સેલનો વધુ એક દરોડોઃ વિદેશી દારૂથી ખચાખચ ભરેલ ગોડાઉનમાંથી કરોડોનો મુદામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી લાલપર એસ્ટેટની અંદર આવેલ શ્રીરામ નામના ગોડાઉનમાંથી લાખોની કિંમતનો જુદી જુદી બ્રાન્ડનો વિદેશી દારૂ, ટ્રક, બોલેરો અને કાર મળી કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત, હાલ જખઈ દ્વારા ગણતરી પૂર્ણ થયે સમગ્ર વિગતો જાહેર કરાશે.

મોરબી તાલુકાના લાલપર ગામ નજીક આવેલ લાલપર એસ્ટેટ નામના પ્લોટીગ વિસ્તારમાં આવેલ શ્રીરામ લખેલ ગોડાઉનમાં લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો હોવાની ખાનગી બાતમી






સ્ટેટ મોનિટરીંગ સેલને મળી હતી જેના ભાગરૂપે સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ દ્વારા શ્રીરામ લખેલા ગોડાઉનમાં રેઇડ કરવામાં આવતા ગોડાઉનમાંથી જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલોનો જંગી જથ્થો મળી આવ્યો હતો.

ઉપરોક્ત દરોડામાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા સ્થળ ઉપરથી લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો, બે ટ્રક, ત્રણ બોલેરો કાર, એક હોન્ડા સિટી કાર મળી એક કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ગોડાઉનમાં હાજર શ્રમિકો અને ૦૨ ડ્રાઇવરની પૂછતાછ હાથ ધરી તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી. હાલ દરોડાની કાર્યવાહી ચાલુ રાખી મુદ્દામાલની ગણતરી તેમજ અન્ય કાગળ કાર્યવાહીની પ્રક્રિયા ચાલુ છે, સમગ્ર તપાસના અંતે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

# રૈયા રોડ પર આરએમસી ક્વાર્ટરમાં મહિલાની હત્યા કરી પ્રેમી ફરાર

## ઘરકામ બાબતે ડખ્ખો થતા મૈત્રી કરારથી સાથે રહેતા બાવાજી શખ્શે મહિલાને ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારીઃ હત્યારો નાસી જતા પોલીસે શોધખોળ આદરીઃ મહિલાની હત્યા બાદ ૧૩ વર્ષના પુત્રએ માતાની છત્રછાયા ગુમાવી







(તસ્વીરઃ આનંદ જાવિયા)








**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલા મહાનગરપાલિકાના કુવાર્ટર માં વધુ એક મહિલાની હત્યા થયા નો બનાવ પ્રકાશમાં આવતા અરેરાટી પ્રસરી જવા પામી છે મહિલા સાથે મૈત્રી કરારથી રહેતા બાવાજી શકશે ગળે ટૂંકો દઈ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે પોલીસે તપાસ હાથ ધરી બાવાજી શખ્સની શોધખોળ શરૂ કરી છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરના રૈયા રોડ પર આવેલા રાજકોટ મહાનગરપાલિકાના સરકારી ક્વાર્ટર માં રહેતી અને ચાર મહિના પહેલા જ સંજય ગોસ્વામી નામના શક સાથે મૈત્રી કરાર કરી ને રહેતી ઈલાબેન મહેશભાઈ સોલંકી નામની મહિલાની તેના જ ક્વોટરમાં તેના પ્રેમી સંજય ગોસ્વામી એ ગળે ટૂંકો આપી હત્યા કરી નાસી ગયો હોવાની ઘટના પોલીસમાં જાહેર થતાં ગાંધીગ્રામ બે યુનિવર્સિટી પોલીસના પીઆઇ રાઠોડ સહિતનો પોલીસ દાખલો ઘટના સ્થળે દોડી ગયા હતા બનાવ અંગેની જાણ ઉચ્ચ અધિકારીને કરવામાં આવતા ડીસીપી સુધીરકુમાર દેસાઈ એસીપી સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસ પ્રાથમિક તપાસ કરતા આ ઘટના ની જાણ કરનાર અને મૃતક મહિલા ની બહેનના પતિ અમિતભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે મૃતક ઇલાબેન તેના પાટલા સાસુ હોય અને ચાર મહિના પહેલા સંજય ગોસ્વામી સાથે પ્રેમ હોવાથી મૈત્રી કરાર કરીને તેના ૧૩ વર્ષના પુત્ર સાથે આ આરએમસી કોટર માં બે મહિના પહેલા રહેવા માટે આવ્યા હતા. વાસણ ધોવા જેવી નજીવી બાબતે પ્રેમી સંજય ગોસ્વામી એ ઇલાબેન સોલંકી નું ગળું દબાવી દઈ તેની હત્યા કરી નાસી ગયો હતો ઘટનાના પગલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી હત્યારા સંજય ગોસ્વામી ની શોધ કોડ હાજરી છે.

# મોરબી તાલુકામાં અપમૃત્યુના અલગ અલગ ચાર બનાવ પોલીસ ચોપડે નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા તથા એક વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં અ.મોતના જુદા જુદા ચાર બનાવોમાં સરતાનપર, લાલપર, જાંબુડીયા તેમજ રફાળેશ્વર ગામે એક મહિલા સહીત ચાર વ્યક્તિના મૃત્યુ નિપજ્યા હતા.

જેમાં પ્રથમ અપમૃત્યુના બનાવમાં સરતાનપર ગામે આવેલ લેન્ડ ડેકોર સીરામીકમાં રહેતા સચીનકુમાર બુધ્ધુરામ સીકુ ઉવ.૩૪ને હાર્ટ એટેક આવતા તેની ડેડબોડી માંડવ ચીકુ મો.નં. ૬૩૫૫૪૮૯૮૫૫ વાળા વાંકાનેર સરકારી હોસ્પિટલે લાવતા જે અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત રજી કરી આગળની તપાસ ચલાવી છે. જયારે બીજા બનાવમાં મોરબી તાલુકાના લાલપર ગામની સીમમાં આવેલ ઓરેન્ટો સીરામીકની લેબર કોલોનીમાં રહેતા અમુલાબેન કૈલાશભાઇ પાંભર ઉવ.૧૮ ગઈકાલે સવારના ઓરેન્ટો સીરામીકના લેબર ક્વાર્ટરમાં પાણી ગરમ કરવાના હીટરથી પાણી ગરમ કરતા અકસ્માતે ઇલેક્ટ્રીક શોક લાગતા મરણ જતા તેની ડેડબોડી અત્રેની સરકારી હોસ્પિટલમાં લાવતા તાલુકા પોલીસે અ.મોત રજી.કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે અપમૃત્યુના ત્રીજા બનાવમાં જાંબુડીયા ગામે આવેલ કોમેન્ટ સીરામીક નજીકથી એક આશરે ૪૦ થી ૪૫ વર્ષના અજાણ્યો પુરુષ કોઈપણ કારણોસર મરણ જતા તેની ડેડબોડી અત્રેની સ.હો.મોરબીમાં લાવેલ જે અંગેની જાણ તાલુકા પોલીસ મથકમાં થતા પોલીસે અ.મોત રજી.કરી આગળની તપાસ ચલાવી છે. જયારે ચોથા બનાવમાં મૂળ છત્તીસગઢના વતની હાલ રફાળેશ્વર ગામમાં જયશ્રીબેનના મકાનમાં ભાડે રહેતા ઈરીક ઇલપીન ખાખા(ખ્રિસ્તી)ઉવ.૨૦ છેલ્લા ત્રણ ચાર દિવસથી મગજની કોઇપણ પ્રકારની માનસિક બિમારી થઇ જતા તે માનસિક બિમારીના કારણે માનસિક અસ્થિર થઇ ગાંડા જેવો થઇ જતા પોતે પોતાની જાતે લીમડાના ઝાડ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ લેતા મરણ જતા મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# ખેડૂતોને સબસીડીથી અપાતો યુરિયાનો જથ્થો જામનગરની ફેક્ટરીમાંથી મળતા ચકચાર

**મુખ્ય સમાચાર, જામનગર**

ખેડૂતોને આપવામાં આવતો રાસાયણિક ખાતરનો જથ્થો બારોબાર ઔદ્યોગિક ગૃહોમાં પધરાવી દેવામાં આવે છે એવી વારંવાર ફરિયાદો ઉઠવા પામતી હતી આ ફરિયાદ સત્ય સાબિત થઈ છે જામનગરથી , જામનગર ખેતીવાડી તંત્ર દ્વારા નાઘેડી ગામે આવેલ એક ફેક્ટરીમાં ચેકિંગ કરતા સરકારી સબસીડી વાળો યુરિયા રાસાયણિક ખાતરનો ૩૪ બોરી જથ્થો મળી આવ્યો છે . આ જથ્થો ભરૂચ ખાતે આવેલ સરકારી જીએનએફસી કંપનીમાંથી રવાના થયો હોવાની વિગતો સામે આવી છે જોકે કારખાનેદારે રાજકોટ અને અમદાવાદની પેઢી પાસેથી આ જથ્થો ખરીદ્યો હોવાનું જાહેર થયું છે . ખેતીવાડી



શાખાએ બંને પેઢીઓ ઉપરાંત લક્ષરભ ને પણ નોટિસ મોકલી ખુલાસો માંગ્યો છે .જામનગર ખેતીવાડી નિયામક કચેરી દ્વારા એગ્રીકલ્ચર ગ્રેડ યુરિયાના ડાઈવરજન , દુરુપયોગ , બ્લેક માર્કેટિંગ અને સંગ્રહખોરી ને રોકવા માટે જુદા જુદા ઔદ્યોગિક એકમોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં જામનગર નજીક ઉદ્યોગિક વિસ્તારમાં આવેલ શ્રી લક્ષ્મી એન્ટરપ્રાઇઝ નામના ફેક્ટરીમાં ચેકિંગ દરમિયાન ટેકનિકલ ગ્રેડ યુરિયાની ખરીદી બાબતે વેપારી દેવજીભાઈ હરજીભાઈ મંગે અને તેના પુત્ર દિપેશ દેવજીભાઈ મંગે ની પૂછપરછ કરવામાં આવી હતી . જેમાં તેઓએ ટેકનિકલ ગ્રેડ યુરિયાના ડીલરો વડોદરા , રાજકોટ અને અમદાવાદ વાળાઓ પાસેથી ખરીદ કર્યો હોવાનું જણાવ્યું હતું અને તેના બિલ પણ રજૂ કર્યા હતા . જોકે આ જથ્થો સરકાર દ્વારા સબસીડી યુક્ત ખાતરનો હોવાનું સામે આવતા ખેતીવાડી શાખાના અધિકારીઓએ ૩૪ બેગ એટલે કે ૧.૫૩ મેટ્રિક ટન જથ્થો સીઝ કરી રાસાયણિક ખાતરનો એક નમૂનો જુનાગઢ લેબોરેટરીમાં મોકલ્યો હતો . જ્યાંથી એવો રિપોર્ટ આવ્યો હતો કે આ જથ્થો નીમ કોટેડ યુરિયા એટલે કે ખેડૂતોને આપવામાં આવતો સબસીડી વાળો જથ્થો છે .જેને લઈને ખેતીવાડી શાખાએ શ્રી લક્ષ્મી એન્ટરપ્રાઇઝને નોટિસ આપી હતી આ નોટિસના જવાબમાં પેઢીએ રાજકોટ અમદાવાદ અને બરોડાની પેઢીને ખો આપી હતી અને બિલ રજુ કર્યા હતા . જેને લઇને ખેતીવાડી શાખાએ અમદાવાદ અને રાજકોટની પેઢીઓને નોટિસ મોકલી હતી . આ નોટિસના જવાબમાં બંને પેઢીઓએ જીએનએફસી લિમિટેડ ભરૂચ બ્રાન્ચ ખાતેથી જથ્થો ખરીદ્યો હોવાના પુરાવા રજૂ કર્યા હતા જેને લઈને જીએનએફસી લિમિટેડ કંપનીને તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે જોકે આ કંપની દ્વારા હજુ સુધી જવાબ રજૂ કરવામાં આવ્યો નથી આમ સબસીડી વાળા રાસાયણિક ખાતર નિયમ કોટેડ યુરિયા ખેતીમાં વપરાશના બદલે ઔદ્યોગિક ક્ષેત્રમાં વપરાતા હોવાનું સામે આવતા ખેતીવાડી શાખા દ્વારા પંચકોષી બી ડિવિઝન પોલીસ દફતરમાં માં ખાતર નિયંત્રણ હુકમની જોગવાઈ તેમજ આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ ૧૯૫૫ ના કાયદાનો ભંગ કરવા સબક ફરિયાદ નોંધાવી છે જેને લઇને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે

# મોરબીમાં બેકાબુ કાર ડિવાઈડર સાથે અથડાઈ રોડની બાજુમાં ઉભેલ બાઇકને હડફેટે લેતા ચાલક ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-વાંકાનેર નેશનલ હાઇવે ઉપર મકનસર ગામ નજીક પુરપાટ ગતિમાં આવતી કાર ડિવાઈડર સાથે ભટકાઈ હતી. ત્યારે રોડની કટમાં ઉભેલ બાઇકને ઠોકરે ચડાવતા, બાઈક ચાલકને પગમાં, નાક તથા આંખ નીચે ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચતા બનાવ બાબતે કાર ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.




બનાવની મળતી માહિતી અનુસાર જૂનાગઢ જિલ્લાના કરમદી-ચીંગરીયા ગામના રહેવાસી હાલ મકનસરના સીતારામનગરમાં રહેતા નીતિનભાઈ જેન્તીભાઈ સગારકા ઉવ.૨૬ એ સફેદ કાર રજી. જીજે-૩૩-બી-૧૩૯૮ના ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગત તા.૧૫/૦૩ના રોજ સવારના આશરે ૮.૦૦ વાગ્યે આરોપી સફેદ કારના ચાલકે પોતાની કાર પુરઝડપે અને બેદરકારીરીતે ચલાવતા કાર બેકાબુ બની હાઇવે રોડની વચ્ચેના ભાગે આવેલ ડિવાઈડર સાથે અથડાઈ હતી. ત્યારે ડિવાઈડરમાં ખોડેલ થાંભલા સાથે ભટકાતા રોડની કટમા બાઈક રજી.જીજે-૧૧-સીએ-૪૩૫૮ લઈને ઉભેલ નીતિનભાઈ ને બાઈક સહીત હડફેટે લીધા હતા. જેમાં નીતિનભાઈને કારની ઠોકર લાગતા તેઓ રોડ ઉપર પટકાયા હતા. જેથી નીતિનભાઈને પગમાં, નાકના ભાગે તથા આંખની ઉપર ફ્રેક્ચર જેવી ઇજા કરી તથા શરીરે નાની મોટી ઇજા પહોંચી હતી ત્યારે અકસ્માતના બનાવની તાલુકા પોલીસ મથકમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી કાર ચાલક સામે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# બાંધકામ સાઈટ ઉપરથી લોખંડની ચોરી મામલે મહિલા સહિત બે ઝબ્બે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના એરફોર્સ રોડ રાજીવનગરમાંથી મકાનના ચાલતા બાંધકામમાંથી ૭૦ કીલો લોખંડના સળીયાની ચોરીમાં એક મહિલા સહિત બે શખસોને પોલીસે ઝડપી લઈને ચોરીનો મુદામાલ કબ્જે કર્યો છે.શહેરના એરફોર્સ રોડ, ખેતીવાડી સામે રાજીવનગરમાં રહેતા મહેશ સોહનલાલ મુરદારીયા (ઉ.વ.૪૨) નામના યુવકના મકાનના ચાલતા બાંધકામમાંથી ગત તા.૧૫ના રાત્રીના કોઈ અજાણ્યા શખસો રૂ.૧૦ હજારની કિંમતના ૭૦ કીલો લોખંડના



સળીયાની ચોરી કરી ગયાની નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે સીસી ટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી. આ દરમ્યાન એક પુરૂષ અને એક મહિલા આંબેડકર બ્રીજ નીચે સાઈડમાં રેલ્વેના પાટા તરફ ચોરી કરેલ મુદામાલ સગેવગે કરવાની ફીરાકમાં હોવાની પોલીસને બાતમી મળી હતી. જે બાતમીના આધારે પીએસઆઈ વી.બી.બરબસિયાએ ના સ્ટાફે વોચ ગોઠવી હતી અને વિક્રમ હરીદાસ પરમાર અને ગુડીબેન કીશનભાઈ પરમાર નામના બાવરી શખસોને ઝડપી લઈને ચોરીનો મુદામલા કબ્જે કર્યો હતો.

# જામનગર અને દરેડમાંથી ૧૮ બોટલ દારૂ સાથે ચાર શખ્સોની અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર તેમજ દરેડમાં દારૂ અંગેના ચાર સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પોલીસે ૧૮ બોટલ કબ્જે કરી ૪ શખ્સોની અટકાયત કરી હતી.

જામનગર નજીકના દરેડ ગામે એફસીઆઈ ગોડાઉનની સામે રહેતો પરેશ જીવાભાઈ ગોરડિયા નામના શખ્સની અટકાયત કરી તેની તલાશી લેતા તેના કબ્જામાંથી ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂની બોટલ મળી આવી હતી. આથી પોલીસે



આરોપીની મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી.આ ઉપરાંત જામનગર નજીકના મોરકંડા ગામે રહેતો રાજુભાઈ કાનાભાઈ હુણ નામના યુવાનની જામનગરમાં હર્ષદ મીલની ચાલી પાછળ આવેલ શુભમ એપાર્ટમેન્ટ પાસેથી ઈંગ્લીશ દારૂની બે બોટલ સાથે ધરપકડ કરી હતી. જ્યારે શહેરના ગોકુલનગર પાસે રડાર રોડ પાસે રહેતો રિતેશ અશ્વિનભાઈ ભાલીયા નામના શખ્સની મયૂર ગ્રીન સોસાયટી પાસેથી ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે ધરપકડ કરી હતી. આ ઉપરાંત હવાઈ ચોકમાં ખીજડા મંદિરવાળી શેરીમાં રહેતો પ્રિન્સ નીતિનભાઈ ફલિયા નામના શખ્સની ૧ બોટલ સાથે અટકાયત કરી છે.

## લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

# દિવ્યાંગોને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બનાવશે “SAKSHAM” એપ્લિકેશન

## રાજકોટ જિલ્લાના ૧૪,૯૫૦ દિવ્યાંગ મતદારોને મળશે મતદાર નોંધણી, મતદાન મથક શોધ, આગોતરા વ્હીલચેરના રજિસ્ટ્રેશન સહિતની સુવિધાઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતનું ચૂંટણી પંચ દિવ્યાંગ લોકોને સુઆયોજિત સેવાઓ પ્રદાન કરીને મતદાર ઓળખ અને નોંધણી પ્રક્રિયાને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધતાપૂર્વક કામ કરી રહ્યું છે. ચૂંટણી પંચની નવી પહેલ અંતર્ગત દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે "Saksham" એપ્લિકેશન બનાવવામાં આવી છે.

દિવ્યાંગોને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બનાવવા માટે "Saksham" એપ એક મૂલ્યવાન સાધન છે. એપ્લિકેશન ઉપયોગમાં સરળ અને સંખ્યાબંધ સુવિધાઓ પ્રદાન કરે છે. ‘‘Saksham‘‘ એપ દિવ્યાંગોને મતદાન માટે નોંધણી કરાવવાનું, તેમનું મતદાન મથક શોધવાનું અને તેમનો મત આપવાનું સરળ બનાવવામાં મદદરૂપ થાય છે.




લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ દિવ્યાંગ મતદારોને તેમની મતદાનની પવિત્ર ફરજ અદા કરવા મતદારો માટે વિવિધ આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજકોટ જિલ્લામાં ૯૬૦૧- પુરુષ અને ૫૩૪૯- સ્ત્રી એમ કુલ ૧૪,૯૫૦ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. આ મતદારો માટે રાજકોટ ખાતે ખાસ ૮ દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો પણ બનાવવામાં આવશે. દિવ્યાંગ મતદારો મતદાન મથકે સ્વયંસેવકોની સુવિધા સહિત 'SAKSHAM APP' ના માધ્યમથી એડવાન્સમાં વ્હીલચેરની જરૂરિયાત પણ રજિસ્ટર કરાવી શકશે.

આ એપ્લિકેશનમાં પ્રથમ વખત મતદાન કરનાર દિવ્યાંગએ તેમના રાજ્ય, જિલ્લા અને વિધાનસભા મતવિસ્તાર સાથે તેમનું નામ, સરનામું અને મોબાઈલ નંબર ફીડ કરવાનો રહેશે. જ્યારે નોંધાયેલા મતદારોએ તેમનો EPIC નંબર એપ્લિકેશનમાં નોંધાવવાનો રહેશે. નોંધણી બાદ બૂથ-સ્તરનો અધિકારી અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે ઘરે તેમની મુલાકાત લેશે. તે પછી, મતદાર આઈ.ડી. કાર્ડ તેમના સરનામાં પર મોકલવામાં આવશે, એટલું જ નહીં આ એપ દ્વારા દિવ્યાંગોને મતદાનના દિવસે વ્હીલચેર માટે આગોતરા નોંધણીની સુવિધા પણ આપવામાં આવી છે.

સક્ષમ એપ દષ્ટિની ક્ષતિ ધરાવતા દિવ્યાંગો માટે અવાજ સહાય, સાંભળવાની ક્ષતિ ધરાવતા દિવ્યાંગોને ટેક્સ્ટ-ટુ-સ્પીચની સુવિધા, મતદાન મથકોની માહિતી ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ થાય છે.

આ એપમાં મતદાન મથક પર ઉપલબ્ધ સુવિધાઓ અને મતદાન અધિકારીઓની સંપર્ક વિગતો આપવામાં આવે છે. સાથે જ એપ પર ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતી વખતે દિવ્યાંગોને આવતી કોઈપણ સમસ્યા અંગે ફરિયાદ નોંધાવી શકાય છે.

રાજકોટ જિલ્લાના દિવ્યાંગો આ એપ્લિકેશન: એન્ડ્રોઇડ ફોન ધારકો https://play.google.com/store/apps/details?id=pwd.eci.com .pwdapphl=enINgl=US તથા આઇ.ઓ.એસ. ફોન ધારકો https://apps.apple.com/in/app/saksham-eci/id1497864568 લીંક પરથી ડાઉનલોડ કરી શકશે.

# જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં ચૂંટણી ખર્ચ તથા આચારસંહિતાના પાલન અંગે બેઠક યોજાઈ

## રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં ખર્ચ અંગે સૂચનો મંગાયા: આદર્શ આચારસંહિતા અંગે સમજ અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે રાજકીય પક્ષો તથા ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચના રેટ ચાર્ટ તેમજ આચારસંહિતાના પાલન અંગેની મિટિંગ યોજવામાં આવી હતી.

આ મિટિંગમાં ચૂંટણીમાં થતા વિવિધ પ્રકારના ખર્ચના ભાવો અંગે ચર્ચા તથા સમીક્ષા કરવામાં આવી હતી. અને વિવિધ વસ્તુઓના ભાવોમાં ફેરફાર કરવા અંગે રાજકીય પક્ષો, ઉમેદવારોના સૂચનો માંગવામાં આવ્યા હતા.



આ સાથે રાજકીય પક્ષો તથા ઉમેદવારો માટે લોકસભાની ચૂંટણી આદર્શ આચાર સહિતના પાલનમાં કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખવો તેની વિગતો અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે.મુછારે આપી હતી. ઉમેદવારો તથા રાજકીય પક્ષોએ કરવાના ખર્ચ, રાજકીય પ્રચાર માટે સભા યોજવાની પરવાનગી લેવી, એક્સપેન્ડિચર ઓફિસર સમક્ષ ખર્ચની વિગતો રજૂ કરવી સહિતની બાબતો અંગે રાજકીય પક્ષના પ્રતિનિધિઓને સમજ અપાઇ હતી.

આ સાથે ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતાના અમલ તથા વિવિધ ફરિયાદોના નિકાલ માટે ગોઠવાયેલી અસરકારક વ્યવસ્થાની સમજ પણ આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડૉ.નવનાથ ગવ્હાણે, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી કે.એમ.ખપેડ, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, ચૂંટણી ફરજ સાથે જોડાયેલા વિવિધ અધિકારીઓ, વિવિધ રાજકીય પક્ષોના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પરવાનાવાળા હથિયાર જમા કરાવવા શહેર પોલીસ કમિશ્નરનો આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય ચુંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી સંદર્ભે તા. ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ લાગુ કરવામાં આવેલી આચારસંહિતાના અનુસંધાને પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ એ રાજકોટ શહેરના તમામ પરવાનેદારો (અપવાદ સિવાયના)એ તેમના પરવાનાવાળા હથિયાર જમા કરાવવા આદેશ આપ્યો છે. જે મુજબ હથિયારધારકોએ તેમના હથિયાર જાહેરનામું પ્રસિદ્ધથી દિવસ-૭માં રાજકોટ શહેરના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવાના રહેશે. સંબંધિત પોલીસ સ્ટેશન પરવાનેદારને તેમનું હથિયાર તા. ૬/૬/૨૦૨૪ બાદ પરત કરશે.

રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલી સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત), સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓ તથા રાજય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનારા રમતવીરો, કેન્દ્ર સરકાર તેમજ કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલી હોય તેવા રાજય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તથા પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર એ ખાસ પરવાનગી આપેલી હોય, તેમને આ હુકમો લાગુ પડશે નહીં. માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેનને તેમના હથીયાર જમા કરાવવામાં મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ બેંકમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધીત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર પાસે રાખવાનું રહેશે. આ હુકમોનો ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે.

# આચારસંહિતાના અમલ માટે ખર્ચ નિરીક્ષણના નોડલ ઓફિસર તરીકે ડી.ડી.ઓ. નવનાથ ગવ્હાણેને નિયુક્ત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને વિધાનસભા પેટાચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે રાજકોટ સહિત સમગ્ર દેશભરમાં નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયા થાય તે માટે આદર્શ આચાર સંહિતા અમલી બનાવવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી ગ પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આચાર સંહિતાની સુચારૂ અમલવારી માટે વિવિધ નોડલ ઓફિસરની નિમણુંક કરવામાં આવી છે, જેમાં ખર્ચ નિરીક્ષણના નોડલ ઓફિસર તરીકે ડી.ઈ.ઓ. નવનાથ ગવ્હાણેને નિયુક્ત કરાયા છે.

ભારતનાં ચૂંટણી પંચ તરફથી ચૂંટણી ખર્ચ માટે નિયુક્ત થનાર ખર્ચના ઓબ્ઝર્વરને મદદરૂપ થવા માટે સરકારના અધિકારીઓ ફાળવવામાં આવે છે, જે અનુસંધાને ડી.ઈ.ઓ.શ્રી રાજકોટ જીલ્લા અંતર્ગત ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૬૮ થી ૭૨ વિધાનસભા મતવિસ્તાર તથા ૧૧ પોરબંદર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૩ થી ૭૫ વિધાનસભા મતવિસ્તાર માટે ખર્ચ નિરીક્ષણના નોડલ ઓફિસર તરીકે જવાબદારી સંભાળશે. વિધાનસભા મતવિસ્તાર દીઠ મદદનીશ ખર્ચ ઓબ્ઝર્વર તરીકે એ.જી. ઓફીસ, કમિશ્નર ઓફ ઇન્કમ ટેક્સ અને જી.એસ.ટી. ઓફીસના શીર્ષ અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે.

ડી.ઈ.ઓ.શ્રીનાં માર્ગદર્શન હેઠળ એકાઉન્ટીંગ ટીમો ખર્ચ અંગેના અહેવાલો અને રીપોર્ટ તૈયાર કરીને ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારનાં રીપોર્ટ રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તેમજ ૧૧ પોરબંદર સંસદીય મતવિસ્તારનાં રીપોર્ટ પોરબંદર જિલ્લા કલેકટરશ્રીને મોકલવામાં આવશે. આ કામગીરી ચૂંટણી પરિણામોની જાહેરાત બાદ ૩૭ દિવસ સુધી ચાલુ રહેશે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી સમયે રાજકીય પક્ષો અને ઉમેદવારો વિવિધ રીતે, વિવિધ માધ્યમોનો ઉપયોગ કરીને ચૂંટણી પ્રચાર કરીને મતદારો સુધી પોતાની વાત પહોચાડવા માટે ખર્ચ કરતા હોય છે. કોઈ પણ ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય એ તંદુરસ્ત લોકશાહીની નિશાની છે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતા નક્કી કરી છે અને નિયમો બનાવ્યા છે. જે મુજબ, ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા રૂ. ૯૫ લાખ નક્કી કરવામાં આવી છે. ઉમેદવારો દ્વારા ચૂંટણી લડવા-પ્રચારમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓના ભાવ પણ ચૂંટણી પંચે નક્કી કર્યા છે. જો કોઈ ઉમેદવાર નિર્ધારિત મર્યાદાથી વધુ ખર્ચ કરે તો ગેરલાયક ઠરે છે. એટલે દરેક ઉમેદવારે મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે. ચૂંટણીમાં કરાતા ખર્ચ પર નજર રાખવા માટે ચૂંટણી પંચ દ્વારા ખર્ચ નિરીક્ષક ટીમ તહેનાત કરવામાં આવતી હોય છે.

# જામનગર નજીક ઠેબા ચોકડી પાસે એસટી બસ, ટ્રક અને બાઈક વચ્ચે થયેલા ત્રિપલ અકસ્માતમાં બાઈકસવાર યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક ઠેબા ચોકડી પાસે સ એસટી બસ, ટ્રક અને બાઈક વચ્ચે થયેલા ત્રિપલ અકસ્માતમાં બાઈકસવાર યુવાનનું મોત નિપજ્યાનું સામે આવ્યું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.જામનગરની નજીક આવેલ ઠેબા બાયપાસ ચોકડી પાસે સોમવારે સાંજના સમયગાળા દરમિયાન જીજે-૧૮-ઝેડટી- ૦૫૩૪ નંબરની એસટી બસ તેમજ એક ટ્રક અને એક બાઇક ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં દ્વારકા રૂટની એક્સપ્રેસ એસટી બસની ઠોકરે બાઇક ચાલક અશોકભાઇ ચાવડા નામના યુવાનને ગંભીર ઇજા થઇ હતી. જેને ૧૦૮ મારફતે હોસ્પિટલ લઈ જતા ત્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આ મામલે જયભાઇ અશોકભાઇ ચાવડાએ પંચકોષી બી ડિવિઝન પોલીસમાં સરકારી બસ રજીસ્ટર નંબર જીજે-૧૮-ઝેડટી-૦૫૩૪ ના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી આગળ ધપાવી છે.

# ધૂળેટીના રંગની ચમક બજારમાં દેખાઈઃ અવનવા રંગોથી છલકાઈ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

હોળી ધુળેટીના પર્વ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોય ત્યારે રાજકોટ સીટ સૌરાષ્ટ્રની બજારમાં પિચકારી અને વિવિધ રંગો એ ધૂમ મચાવી છે ખાસ કરીને ધૂળેટીના તહેવારમાં અબીલ ગુલાલ નું મહત્વ વધારે હોય છે પરંતુ કેટલાક વર્ષોથી નિર્દોષ કલર ની જગ્યાએ કેમિકલ યુક્ત કલર નો ઉપયોગ થઈ રહ્યો છે જેના કારણે લોકોમાં ચામડીના રોગો વધી રહ્યા છે નોંધનીય છે કે લોકસભાની ચૂંટણી પણ ટૂંક સમયમાં યોજનાર છે ત્યારે બીજેપી લખેલી પિચકારી એ શેરીજનોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું છે


## રાજકોટ ડિવિઝનના TTEએ ઈમાનદારીનો દાખલો બેસાડ્યો, મુસાફરને ૧.૫ લાખની કિંમતની સોનાની ચેઈન પરત કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેલવે ડીવીઝનના ટીટીઇ દિનેશ પરમારે પ્રમાણિકતાનું ઉદાહરણ બેસાડ્યું છે. તાજેતરમાં તે ૧૭ માર્ચ, ૨૦૨૪ ના રોજ ટ્રેન નંબર ૧૯૨૧૭ બાંદ્રા ટર્મિનસ-વેરાવળ સૌરાષ્ટ્ર જનતા ના B-4, B-5 અને B-6 માં અમદાવાદથી રાજકોટ વચ્ચે ચેકિંગની ફરજ બજાવતા હતા ત્યારે મધ્ય રાત્રિ માં લગભગ ૧.૩૦ વાગ્યે ઇ-૫ કોચમાંથી તેમણે એક સોનાની ચેઈન મળી આવી હતી. તે સમયે તમામ મુસાફરો સૂઈ ગયા હોવાથી તે ચેઈન કયા મુસાફરની છે તે જાણી શક્યું ન હતું. તેમણે તાત્કાલિક રાજકોટમાં ફરજ પરના સીટીઆઈ લોબી સ્ટાફને ઘટના અંગે જાણ કરી હતી. બીજા દિવસે સવારે, પદ્મદેવ સિંહ તોમર (ઉંમર ૬૧ વર્ષ) નામનો મુસાફર, જે ટ્રેન નં. ૧૯૨૧૭ બાંદ્રા-વેરાવળ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ સુરતથી રાજકોટ, પી.એન.આર. ના. ૮૩૧૫૮૨૩૩૭૪ પર મુસાફરી કરેલ હતી તેણે સીટીઆઈ ઓફિસનો સંપર્ક કર્યો અને જાણ કરી કે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે તેમની લગભગ રૂ. ૧.૫ લાખની કિંમતની ૩ તોલાની ચેન ગુમાવી દીધી હતી. ફરજ પરના ઈઝઈ લોબી સ્ટાફ શ્રી આર.ડી. રાવલે તેમને જણાવ્યું કે આ ટ્રેનના મેનિંગ સ્ટાફ દિનેશ પરમારને સોનાની ચેઈન મળી આવી છે. બાદમાં હકીકતની ચકાસણી કર્યા બાદ ટીટીઈ રાજકોટ દિનેશ પરમાર દ્વારા સીટીઆઈ રાજકોટના સ્ટાફ આર.ડી.રાવલની હાજરીમાં મુસાફરને સોનાની ચેઈન સોંપવામાં આવી હતી.

## રાજકોટ મનપામાં આધાર કાર્ડ સેન્ટર બંધ કરી દેવાતા હોબાળોઃ કોંગ્રેસે ઉચ્ચ કક્ષાએ કરી રજૂઆત




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોર્પોરેશનમાં આજ સવારથી સાત વાગ્યા થી આધાર કાર્ડ માટે લોકોની ભીડ જોવા મળતા જ્યારે લોકો આવ્યા ત્યારે ઓપરેટર તાળું મારીને જતા રહેતા ૨૦૦થી વધારે લોકોએ ધંધો તડકામાં શેકાવા સિવાય કે હાથનું લાગી જ્યારે જ્યારે લોકોએ કોંગ્રેસ અગ્રણી રણજીત મુંધવા ને જાણ કરતા તાત્કાલિક અસર થી દોડી જય ઉચ્ચ કક્ષા એ રજુઆત કરતા બ બપોર સુધીમાં આધાર કાર્ડ કેન્દ્ર ફરી શરૂ કરવાની ખાતરી આપતા લોકોને ત્યાં કોર્પોરેશન પોતાની યથાવો પ્રગટ કરી હતી જ્યારે ડેલીગેશન રજૂઆત કરવા માટે કોર્પોરેશનના એક અધિકારીને ગયા ત્યારે આવા કોન્ટ્રાક્ટરને મહેમાનગતિ કરાવી રહ્યા હોય અને રીતસર નો બચાવ કરી રહ્યા હોય એવું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું આતો કે રણજીત મુંધવા નિલેશ ગોહેલ કોર્પોરેશનમાં તાત્કાલિક અસરથી આધાર કેન્દ્ર શરૂ થાય એવી રજૂઆતો કરતા લોકોનો અવાજ કોઈએ સાંભળો અરજદાર તથા લોકોએ આભાર વ્યક્ત કર્યો હતો

## તમાકુ નિયંત્રણ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના દિગ્વિજય ગામ ખાતે પાવર હાઉસ પ્રાથમિક શાળામાં કાર્યક્રમ નું આયોજન.આજ રોજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો એચ એચ ભાયાના માગેદશેન હેઠળ રાષ્ટ્રીય તમાકું નિયંત્રણ સેલ જામનગરની ટીમ દ્વારા જામનગર તાલુકાના દિગ્વિજય ગામ ખાતે પાવર હાઉસ પ્રાથમિક શાળામાં કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ જેમાં તમાકું થી થતાં નુકસાન વિષે બાળકો ને માહિતગાર કરવામાં આવ્યાં તેમજ તમાકું અધિનિયમ-૨૦૦૩ અંતર્ગત કાયદા વિષે અને વ્યસન મુક્તિ વિષે માર્ગદર્શન આપેલ. તેમજ વકતૃત્વ સ્પધો, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા નું આયોજન કરી બાળકો ને ઈનામ વિતરણ અને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવેલ તેમજ આઈ.ઈ.સી એક્ટિવિટી દ્વારા બાળકો ને વ્યસન મુકિત વિષે માર્ગદર્શન આપેલ.ઉપરોકત કાર્યક્રમમાં આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ વી પી જાડેજા, DIECO નીરજ મોદી, ટોબેકો કાઉન્સિલર નજમાબેન હાલા,MPHS રાજન મુંગરા, આચાર્ય રોનક દ્વારા ઉપસ્થીત રહી માગેદશેન પુરું પાડવામાં આવ્યું હતું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો એચ એચ ભાયા દ્વારા શાળાના વિદ્યાર્થીઓ ને શુભકામનાઓ પાઠવવામાં આવેલ તેના પ્રત્યુતર રૂપે આચાર્ય દ્વારા CDHOનો શાળા ને યાદ કરી કાર્યક્રમનુ આયોજન કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.તેમજ શાળા ને TOFEI "tobacco free education institutions" કરવા માટે ની ખાત્રી આપી હતી

## મોરબીમાં દીકરીને સાસરેથી તેડી લાવતા જમાઈ સહીત ત્રણ શખ્સોનો સાસુ ઉપર હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શનાળા ગામ નજીક સીએનજી પંપ નજીક રહેતા મજુર પરિવારની દીકરીને રાજકોટ સાસરેથી મોરબી લઇ આવતા જે બાબતનો ખાર રાખી રાજકોટ રહેતા જમાઈ તથા તેનો ભાઈ અને મિત્ર સહીત ત્રણ શખ્સો દ્વારા સાસુને લોખંડના પાઇપ તથા ઢીકાપાટુનો માર મારવામાં આવતા તેઓને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારે ઈજાગ્રસ્ત સાસુ દ્વારા ત્રણેય શખ્સો વિરુદ્ધ મોરબી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મૂળ સાવરકુંડલા તાલુકાના અથાણી રોડના વતની હાલ મોરબી-રાજકોટ હાઇવે શનાળા ગામ નજીક આવેલ પેટ્રોલ પંપ નજીક રહેતા મંગુબેન કાળુભાઇ મોતાભાઈ વાઘેલાએ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી સાગરભાઈ બહાદુરભાઈ માથાહુડીયા, નાગજીભાઈ બહાદુરભાઈ માથાહુડીયા તથા વિજય કોળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે મંગુબેન તેની દીકરીને રાજકોટ સાસરેથી મોરબી તેડી લાવતા મંગુબેનના જમાઈ આરોપી સાગરભાઈને સારું નહિ લાગતા આરોપી સાગરભાઈ તથા તેનો ભાઈ તેમજ તેનો મિત્ર એમ ત્રણેય આરોપીઓ મોરબી મંગુબેનના ઘરે આવી તેમની સાથે બોલાચાલી કરી બેફામ ગાળો આપવા લાગ્યા હતા તેથી ગાળો આપવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈને મંગુબેનને લોખંડનો પાઇપ વાસામાં તથા માથાના ભાગે માર્યો હતો તેમજ આરોપી નાગજીભાઈ અને વિજય કોળીએ મંગુબેનને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. ત્યારે દેકારો થતા આજુબાજુથી લોકો એકત્ર થઇ જતા ત્રણેય આરોપી ચાલ્યા ગયા હતા. ત્યારે મંગુબેનને માથાના ભાગે ઇજાને કારણે ૧૦૮ મારફત મોરબી સિવિલ હોસ્પિ.માં સારવાર માટે લઇ જતા તેને માથામાં પાંચ ટાકા આવ્યા હતા. સમગ્ર બનાવ અંગે મંગુબેન દ્વારા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચાલવી છે.

## લોકસભાની ચૂંટણીને અનુલક્ષીએ જેતપુરમાં S.R.P અને પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ



**મુખ્ય સમાચાર, જેતપુર**

લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થતાં જ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે તંત્ર કામે લાગી ગયું છે. ત્યારે જેતપુર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જ.છ.ડ અને પોલીસ જવાનો દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ હતી.

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતા જ આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે અને રાજકોટ જિલ્લાનું વહીવટી તંત્ર પણ એલર્ટ બન્યું છે. ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે અત્યારથી જ પોલીસ વિભાગ પણ કમર કસી રહ્યું છે અને ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જ.છ.ડ જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે

ચૂંટણી દરમિયાન કોઈપણ જગ્યાએ માહોલ ખરાબ ન થાય, શહેરમા શાંતિ સુલેહનો ભંગ ન થાય અને લોકોમાં એક પ્રકારે કાયદાનો ડર રહે તે માટે આજે જેતપુર શહેરમાં પોલીસ અને જ.છ.ડના જવાનો દ્વારા ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ફ્લેગ માર્ચ શહેરના મુખ્ય માર્ગો અને વિવિધ વિસ્તારોમાં ફરી હતી.

## જસદણના ખાંડા હડમતીયા ગામે મકાનમાં ચાલતો જુગારનો અખાડો પકડાયો, ૬ શખ્સોની રૂ.૮૪ હજારની રોકડ સાથે ધરપકડ, ૨ ફરાર



**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**

જસદણ તાલુકાના ખાંડા હડમતીયા ગામે આવેલ રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ચલાવાતા જુગારના અખાડા પર જસદણ પોલીસ ત્રાટકી થઈ હતી જુગાર રમતા ૬ શખ્સોને રૂ.૮૪,૨૦૦ ની રોકડ સાથે ૬ શખ્સોની ધરપકડ કરી હતી. જ્યારે ૨ શખ્સો ફરાર થઈ જતા જસદણ પોલીસે તેને પકડી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ અને નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલા દ્વારા દારૂ, જુગારની પ્રવૃત્તિ સદંતર નાબુદ કરવા સુચના આપેલ હતી. જેથી તેમના માર્ગદર્શન હેઠળ જસદણ પોલીસ મથકની ટીમ કેસો શોધી કાઢવા માટે પ્રયત્નશીલ હતા. તે દરમિયાન જસદણ પોલીસ મથકના પો.કોન્સ. અશોકભાઈ ભોજાણી અને અનીલભાઈ સરવૈયાને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, જસદણના ખાંડા હડમતીયા ગામમાં રહેતો ભરત લીંબાભાઈ શેખ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી તેને જુગારના સાધનો તેમજ સુવીધા પુરા પાડી તીનપત્તીનો હાર-જીતનો જુગાર પોતે રમી અને રમાડી પોતાના અંગત ફાયદા સારૂ રમવા આવેલ માણસો પાસેથી નાલના પૈસા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવે છે. જેથી બાતમીના આધારે જસદણ પોલીસે રેઈડ કરતા જુગાર સુરેશ વાઘા બાવળીયા(રહે-ધારૈયા,તા-ચોટીલા), ભોળા જેરામ સાકળીયા(રહે-પારેવાળા,તા-જસદણ), નરેશ શંકર હરણીયા(રહે-સનાળી,તા-વિંછીયા), ભરત શીવા તલસાણીયા(રહે-સનાળી,તા-વિંછીયા), અલ્પેશ દેવરાજ કાકડીયા(રહે-માધવીપુર,તા-જસદણ) તથા મહેશ બેચર પરમાર(રહે-સણોસરા,તા-ચોટીલા) ને પકડી પાડી રૂ.૮૪,૨૦૦ ની રોકડ સહિતનો મુદ્દામાલ ઝપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે મકાન માલિક ભરત લીંબા શેખ(રહે-ખાંડા હડમતીયા,તા-જસદણ) અને જેઠા રામશી શાંબળ(રહે-ખાંડા હડમતીયા,તા-જસદણ) નામના બન્ને શખ્સો નાસી છૂટતા જસદણ પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટના યુવાનને આપઘાતની ફરજ પાડનાર પીએસઆઈના આગોતરા જામીન અરજી રદ

## વિરમ ગામના પીએસઆઈએ દારૂના ગુનામાં નામ ખોલી દસ લાખ માગ્યા'તાઃ યુવાને આપઘાત પૂર્વે વિડિયો વાયરલ કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટના યુવકે વિરમગામ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટર હિતેન્દ્ર મોહનભાઈ પટેલ સામે દારૂના ખોટા કેસમાં ફીટ કરીને રૂ.૧૦ લાખની લાંચ માંગી હોવાનો વિડીયો ઉતારી દિપકભાઈ હરજીવનભાઈ ધ્રાંગધરીયાએ ગળાફાંસો ખાઈ લીધો હતો. જે કેસમાં આરોપી પીએસઆઈ હિતેન્દ્ર પટેલ ગોંડલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી જે કોર્ટે નામંજુર કરી છે.

કેસની હકીકત મુજબ, ગુજરનાર દિપકભાઈના ધર્મપત્નિએ તા.૨૩/૨/૨૦૨૪નાં રોજ લોધિકા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ- ૩૦૬ અન્વયે આરોપી હિતેન્દ્ર મોહનભાઈ પટેલ પીએસઆઈ છે તેની સામે ફરિયાદ નોંધાવેલ હતી કે, તેમના પતિએ આપઘાત કરતા પહેલા રાજકોટ પોલીસ કમિશ્નરને સંબોધીને વિડિયો બનાવેલ જેમાં આરોપીએ ગુજરનાર પાસેથી પ્રોહિબીશનનાં કેસમાં રૂા.૩,૦૦,૦૦૦ લઈ ગુજરનારને જેલ હવાલે કરેલ.ત્યારબાદ ૧૪ તારીખે કોઈકનો દારૂ પકડાયેલ હશે તેમાં પણ ગુજરનારનું ખોટી રીતે નામ છે તેમ કહી રૂા.૧૦,૦૦,૦૦૦ માંગણી કરતા હોય જેથી ગુજરનારે ત્રાસીને આત્મહત્યા કરતો હોવાનું જણાવતો વિડીયો બનાવેલ અને ત્યારબાદ ખાંભા ગામે મોગલ માતાનાં મંદિર પાસે ગળાફાંસો ખાઈ મરણ ગયેલ હતા. આરોપી હિતેન્દ્ર સામે ગુન્હો નોંધાતા તેણે ગોંડલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી. જે જામીન અરજી ચાલવા પર આવતા ફરિયાદી વતી રોકાયેલા વકીલે જામીન અરજી સામે લેખિતમાં વાંધો રજુ કરેલ તેમજ મૌખિક દલીલ કરેલ કે આરોપીએ પોતાની સત્તાનો દુરૂપયોગ કરી ફરીયાદીનાં પતિને ખોટી રીતે કેસમાં ફીટ કરી દેશે તેવી ધમકી આપી રૂા.૧૦,૦૦,૦૦૦ની માંગણી કરતા હોય જેથી તેને જામીન પર ન છોડવા જોઈએ.

બંને પક્ષ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ ગોંડલના એડીશ્નલ સેશન્સ જજ એ આરોપીની આગોતરી જામીન અરજી ફગાવી હતી.આ કેસમાં ફરિયાદી વતી સ્તવન જી. મહેતા, નિકુંજ એમ. શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી તથા મદદનીશ તરીકે કશ્યપ પંડ્યા, નિશાંત ચાવડા, સત્યજીસિહ જાડેજા, અને ઋષિત રોહિત રોકાયેલ હતા.

# જામનગરના રાજપાર્કમાં સગીરાની છરીના ઘા ઝીંકી પાડોશી શખ્સે કરી હત્યાઃ અરેરાટી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ૧૨ વર્ષની એક છોકરીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવી છે . ઘટનામાં મળતી વિગતો મુજબ જામનગર શહેરના રાજપાર્ક વિસ્તારમાં વસવાટ કરતા એક પરીવારની ૧૨ વર્ષની માસુમ દ્રષ્ટિ કારાવદરા નામની બાળકીની હત્યા તેની આસપાસમાં વસવાટ કરતા કોઈ વ્યક્તિએ કોઈપણ કારણોસર આ હત્યા નિપજાવ્યાની શંકાને આધારે પોલીસે તપાસ શરુ કરી છે.જો કે સતત હુમલા અને હત્યાના સરાજાહેર બનાવો જામનગરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિનો વાસ્તવિક અરીસો બતાવતું હોય તેવું લાગે છે .જામનગર શહેરના રાજપાર્ક વિસ્તારમાં ૧૨ વર્ષીય બાળકીની તેના પાડોશમાં જ રહેતા શખ્સે છરીના ૧૩ થી ૧૪ ઘા મારી હત્યા નિપજાવી દેતા ચકચાર મચી છે. મૃતક બાળકીના માતા ટિફિન સર્વિસ ચલાવતા હોય આરોપીએ ટિફિન મંગાવતા કિશોરી આરોપીના ઘરે ટિફિન આપવા ગઈ હતી. ત્યારે જ કોઈ કારણોસર છરીના ઉપરાછાપરી ઘા મારી બાળકીની હત્યા નિપજાવી દેવાતા પરિવારજનો હતપ્રભ બન્યા હતા. ઘટનાના પગલે જામનગર પોલીસ ઘટનાસ્થળ પર અને હોસ્પિટલ પર પહોંચી હતી. હત્યાનું કારણ અકબંધ હોય પોલીસે તે જાણવાના પ્રયાસ હાથ ધરી આરોપીની શોધખોળ શરૂ કરી છે.જામનગર શહેરના રાજપાર્ક વિસ્તારમાં રહેતી બાળકીના માતા ટિફિન સર્વિસ ચલાવે છે. આજે બપોરે માતા-પિતા કામ અર્થે બહાર ગયા હોય પાડોશમાં જ રહેતા આરોપીઓ તેમના ઘરેથી ટિફિન મંગાવ્યું હતું. જેથી બાળકી ટિફિન લઈને આરોપીના ઘર પર ગઈ હતી. થોડીવાર બાદ બાળકી પર હુમલો કરાયો હોવાની સ્થાનિકોએ જાણ કરતા બાળકીના બહેન ત્યાં દોડીને પહોંચતા બાળકી લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. આરોપીના ઘરમાંથી એક છરી પણ મળી આવી હતી.ઘટનાની જાણ પોલીસને કરાતાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા અને સીટી એ પોલીસ સ્ટેશનના પી.આઈ નિકુંજ ચાવડા સહિત એલસીબી પોલીસની ટીમ જી.જી હોસ્પિટલ દોડી ગઈ હતી અને અને આરોપીને ઝડપવા માટે ચક્રોગતિમાન કર્યા છે.આ અંગે ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, બાળકીના વિસ્તારમાં જ રહેતાં યુવકના ઘરે કિશોરી ટિફિન આપવા ગઇ હતી. ત્યારબાદ એની બેનને જાણ થઇ કે બાળકીની હત્યા થઇ ગઇ છે. એટલે બાળકીની બહેન અને માતા બાળકીને લઇને હોસ્પિટલ ગયા હતા. જ્યાં ડોક્ટરોએ બાળકીને મૃત જાહેર કરી હતી. આ બાબતે ફરિયાદ નોંધવાની તજવીજ ચાલુ છે અને આરોપીની શોધખોળ ચાલુ છે.ડીવાયએસપીએ વધુમાં જણાવ્યું કે આ બનાવ પાછળનું કારણ આરોપી ઝડપાયા બાદ જાણી શકાશે. આરોપીએ બાળકીને છરીના અંદાજે ૧૩થી ૧૪ ઘા માર્યા છે. આ આરોપીએ અગાઉ પોતાની પત્નીની હત્યા કરી હોવાની અને એનો ગુનો ખંભાળીયામાં દાખલ થયો હોવાની માહિતી મળી રહી છે. જે માહિતી હજી વેરીફાઇ કરવાની બાકી છે.

# મોરબીના લેબર કોન્ટ્રાક્ટરને હનિટ્રેપમાં ફસાવી મહિલા સહિત પાંચ શખ્સોએ રૂપિયા ૨૩.૫૦ લાખ પડાવ્યા

## ફોન પર યુવતીએ મીઠી મીઠી વાતો કરી ખોડલધામ મળવા બોલાવી ફસાવ્યાઃ બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી ગોંડલની અલગ અલગ આંગડિયા પેઢીમાં નાણા મંગાવી નાસી ગયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં રંગીન મિજાજી લોકોને હનીટ્રેપ માં ફસાવી લાખો રૂપિયા ખંખેરથી ગેંગ સક્રિય બની હોય તેમ મોરબીના લેબર કોન્ટ્રાક્ટરને ફોન પર યુવતીએ મીઠી મીઠી વાતો કરી ખોડલધામ મળવા બોલાવી હનિટ્રેપ માં ફસાવી રૂપિયા ૨૩.૫૦ લાખ ખંખેરી લઈ પોબારા ભણી જતા સુલતાનપુર પોલીસ માં ફરિયાદો નોંધાય છે.


આ બનાવની પોલીસ માંથી મળતી માહિતી મુજબ મોરબીમાં રવાપર રોડ પર ગંગા દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા અને સિરામિક કારખાનામાં લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા ભરતભાઈ ભીખાભાઈ કારોલીયા ઉંમર વર્ષ ૫૦ નામના કડવા પટેલ પ્રોઢ યે સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ક્રિષ્ના નામની મહિલા અને ૪ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈ તારીખ ૪ ૩ ૨૦૨૪ ના તેના મોબાઈલ ફોન પર કોઈ અજાણી યુવતી નો મિસ કોલ આવ્યો હતો ત્યારે કોન્ટ્રાક્ટરે રૂમ નંબર હોવાનું જણાવી ત્યારબાદ યુવતીએ અવારનવાર ફોન કરી મીઠી મીઠી વાતો કરી કોન્ટ્રાક્ટરને ફસાવી મળવા માટે ખોડલધામ મંદિરે બોલાવ્યા હતા મોહજાળમાં ફસાયેલા રંગીન મિજાજી કોન્ટ્રાક્ટર યુવતીને મળવા ખોડલધામ મંદિરે પોતાની કાર લઈને આવ્યા હતા અને યુવતીને મળી વાતચીત કરતા હતા તે દરમિયાન બે અલગ અલગ બાઈકમાં ચાર અજાણ્યા શકશો ત્યાં આવી તેનું બાઈકમાં અપરણ કરી જાય અવરો જગ્યાએ લઈ ગયા હતા અને ત્યાં બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી નાણાંની માંગણી કરી હતી આબરૂ જવાની બીકે મોરબીના કોન્ટ્રાક્ટર એ દવાખાના નું બહાનું કાઢી અલગ અલગ સગા સંબંધીઓ પાસેથી ગોંડલની અલગ અલગ આંગણીયા પેઢીમાં રૂપિયા ૨૩.૫૦ લાખ મગાવ્યા હતા આ રકમ લઈ ક્રિષ્ના નામની મહિલા સહિત પાંચ શખ્સો નાસી ગયા હતા બનાવવા ફ્લેબર કોન્ટ્રાક્ટર એ સુલતાનપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઇ આર જે જાડેજા રાઇટર અનિલભાઈ સહિતના સ્ટાફે ગુનો નોંધી અને ટ્રેપ માં ફસાવનાર ક્રિષ્ના સહિત પાંચ સભ્યોની ટોળકીની શોધખોળ શરૂ કરી છે,

# શીતલ પાર્ક પાસે બાઈક થાંભલા સાથે અથડાતા આશાસ્પદ યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના અમીનમાર્ગ પરના ટાગોર નગર-૧માં રહેતા સોફ્ટવેર એન્જિનિયર સાહિલ નંદલાલભાઈ ઢાલાણી (ઉ.વ.૨૪) નામના આશાસ્પદ યુવાનની હાર્લી ડેવિડસન બાઈક ૧૫૦ ફૂટરિંગ રોડ પર શીતલપાર્ક નજીક થાંભલામાં ભટકાતા સિંધી પરિવારના એકના એક પુત્રનું આ અકસ્માતમાં મોત થયું હતું. મેળામાં જવા નીકળેલા પુત્રનો કોઈ સંપર્ક નહિ થતાં પિતાને શોધવા નીકળ્યા ત્યારે પુત્ર શિતલપાર્ક પાસે ઇજાગ્રસ્ત મળ્યો અને તેને સારવાર માટે ખસેડયો છતાં તેનો જીવ ન બચી શક્યો.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના ૧૫૦ ફટરિંગ રોડ પર શીતલપાર્ક નજીક પુરપાટ ઝડપે નીકળેલું



હાર્લી ડેવિડસન બાઈક થાંભલામાં અથડાતાં અમીનમાર્ગ પરના ટાગોર નગર-૧માં રહેતા સોફ્ટવેર એન્જિનિયર સાહિલ નંદલાલભાઈ ઢાલાણીનું મોત થયું હતું. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી કરી હતી. સાહિલ મંગળવારે વહેલી સવારે પાંચેક વાગ્યાના અરસામાં પોતાનું હાર્લી ડેવિઝ સ્પોટર્સ બાઈક લઈને ઘરેથી પરાપીપળીયા પાસે આવેલા મસ્ત કલન્દર મંદિરે ભરાયેલા મેળામાં જઈ રહ્યો હતો ત્યારે ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર બાઈક ઉપરનો કાબુ ગુમાવી દેતા બાઈક થાંભલા સાથે અથડાયુ હતું. બનાવ બાદ પુત્ર એકાદ કલાક સુધી મેળામાં ન પહોંચતા તેના પિતાએ પુત્ર સાહિલને ફોન કરતા ફોન રિસીવ નહિ પિતા નંદલાલભાઈ સહિતના પરિવારજનો તેને શોધવા માટે નીકળ્યા ત્યારે શીતલપાર્ક પાસે માણસોનું ટોળું જોઈ બાઈક ઉભી રાખી જોવા જતા તેમનો પુત્ર સાહિલ ઈજાગ્રસ્ત હાલતમાં હોવાનું જોતા તાત્કાલિક સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ સાહિલનું મોત થયું હતું. અને મૃતક સાહિલ પરિવારનો એકનો એક પુત્ર હતો તાજેતરમાં જ સોફ્વેર એન્જીયરીંગનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તેના પિતા બેડી માર્કેટયાર્ડમાં કરિયાણાની પેઢી ધરાવે છે. પરાપીપળીયા પાસે આવેલા મસ્ત કલન્દર મંદિરે જ્યાં સાહિલ જતો હતો ત્યાં તેના પિતા નંદલાલભાઈ ટ્રસ્ટી છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, મૃતક સાહિલે અભ્યાસ પૂરો કરી સોફ્ટવેર એન્જીનીયર ડિગ્રી પ્રાપ્ત કરી હોય પિતા નંદલાલભાઈએ એક માસ પહેલા જ પુત્રની હાર્લી ડેવિડસન બાઈક લેવાની ઈચ્છા પૂરી કરી હતી. અને સાત લાખની કિંમતનું હાર્લી ડેવિડસન બાઈક.ભેટ આપ્યું હતું. પિતા નંદલાલભાઈને સ્વપને પણ ખબર ન હતી કે, આ હાર્લી ડેવિડસન બાઈક પુત્ર સાહિલ માટે મોતનું કારણ બનશે.

# ગોંડલના વોરા કોટડા રોડ પર સગીરા પર નિર્લજજ હુમલો

## બે પરિવાર બાખડતા સગીરા છોડાવવા વચ્ચે પડતા કપડા ફાડી નાંખ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં વોરા કોટડા રોડ વિસ્તારમાં બે પરિવાર વચ્ચે થયેલી માથાકૂટમાં સગીરાનો હાથ પકડી ઘરમાં ખેંચી કપડાં ફાડી નાખ્યાનો બનાવ બનતા આ મમલે સામે સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકે બંને પક્ષોએ નોંધાવેલી ફરિયાદમાં ગોંડલ આવાસ કવાર્ટર ત્રણ માળીયા રીટાબેન રવુભા માનસિગજી પીંગળની ફરિયાદને આધારે જુસબભાઈ,અલ્તાફ, જુસબભાઈની પત્ની રૂકશાના, અલ્તાફની સાથે રહેતી શ્વેતાનું નામ આપ્યું હતું. ફરિયાદ મુજબ સગીરા તેની બહેનપણીના ઘરે ગઈ હતી. ત્યાંથી પરત ઘરે આવતી હતી. રસ્તામાં

જુસબે સગીરાનો હાથ પકડી પોતાના ઘરમાં લઈ જવા પ્રયાસ કર્યો. સગીરાએ છોડાવવા પ્રયત્ન કર્યો હતો. તે દરમિયાન તેનો ડ્રેસ ફાટી ગયો હતો. દેકારો થતા આસપાસના લોકો દોડી આવેલા. સગીરાના પરિવાજનો પણ આવી ગયા હતા.

આ દરમિયાન જુસબના પરિવારજનોએ ઝઘડો કર્યો હતો અને અપશબ્દો કહ્યા હતા. સામા પક્ષે રૂકશાનાબેન ઉર્ફે મીનાબેન જુસબભાઈ અલાઉદ્દીનભાઈ કુરેશીની ફરિયાદને આધારે સંધ્યા તેમજ સંધ્યા નો ભાઈ પૃથ્વીરાજ સંધ્યાની માતા રીટાબેનનું આપ્યું હતું. રૂકશાનાબેનના પતિ ઘર પાસેથી નીકળ્યા ત્યારે અહીંથી નીકળવુ નહિ તેમ કહી હુમલો કર્યો હતો.

# શાપર (વે)માં માસુમ બાળા પર દુષ્કર્મ ગુજારનાર શખ્સ યુ.પી.થી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળમાં ૪ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ ગુજારનાર નરાધમને રાજકોટ ગ્રામ્ય પોલીસે ઉતરપ્રદેશથી પકડી પાડ્યો છે. આ ઘટના બાદ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડાએ ગ્રામ્ય એસઓજી, એલસીબી સહિતની ટીમો બનાવી હતી અને ઉતર પ્રદેશથી નરાધમને ઝડપી લીધો હતો.

આ અંગેની માહિતી મુજબ શાપર-વેરાવળ ઝુંપડપટ્ટીમાં દાદી સાથે રહેતી શ્રમિક પરિવારની ચાર વર્ષની ફુલ જેવી બાળકી શનિવારે સવારે ઘર પાસે રમતી હતી ત્યારે અજાણ્યા શખ્સે બાળકીને નાસ્તો લઈ દેવાના બહાને ઉપાડી ગયો હતો અને બાળકીને અવાવરૂ સ્થળે લઈ જઈ તેના પર દુષ્કર્મ આચર્યુ હતું. બાળકીએ પ્રતિકાર કરતાં નરાધમે તેને ચુપ કરવા માટે મોંઢા પર બોથડ પદાર્થના ઘા ઝીંકી દીધા હતાં અને બાદમાં બાળકીને હાઈ-વે પર આવેલ ગેઈટ પાસે બપોરે ફેંકી ભાગી ગયો હતો.નરાધમને ઝડપી લેવા માટે પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પોલીસવડા જયપાલસિહ રાઠોડની સૂચનાથી શાપર-વેરાવળ પોલીસ ઉપરાંત રાજકોટ ગ્રામ્ય એલસીબી તથા એસઓજીની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. દરમિયાન એલસીબીની ટીમે આરોપી ઉતર પ્રદેશથી ઝડપી લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં પરવાનાવાળા હથિયાર સાત દિવસમાં જમા કરાવવા પોલીસ કમિશનરનો આદેશ

## લોકસભા સામાન્ય ચૂંટણી જાહેર થયા બાદ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જાહેરનામુ બહાર પડાયુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય ચુંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી સંદર્ભે તા. ૧૬ માર્ચ, ના રોજ લાગુ કરવામાં આવેલી આચારસંહિતાના અનુસંધાને પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ એ રાજકોટ શહેરના તમામ પરવાનેદારો (અપવાદ સિવાયના)એ તેમના પરવાનાવાળા હથિયાર જમા કરાવવા આદેશ આપ્યો છે. જે મુજબ હથિયારધારકોએ તેમના હથિયાર જાહેરનામું પ્રસિદ્ધથી દિવસ- ૭માં રાજકોટ શહેરના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવાના રહેશે. સંબંધિત પોલીસ સ્ટેશન પરવાનેદારને તેમનું હથિયાર તા. ૬/૬ બાદ પરત કરશે.

રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલી સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહિત), સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓ તથા રાજય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનારા રમતવીરો, કેન્દ્ર સરકાર તેમજ કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલી હોય તેવા રાજય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તથા પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર એ ખાસ પરવાનગી આપેલી હોય, તેમને આ હુકમો લાગુ પડશે નહીં. માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેનને તેમના હથીયાર જમા કરાવવામાં મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ બેંકમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધીત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર પાસે રાખવાનું રહેશે. આ હુકમોનો ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે.

જે અન્વયે તા.૧૬/૦૩/૨૦૨૪થી તા.૧૯/૦૩/૨૦૨૪ દરમિયાન રાજકોટ શહેર પોલીસ દ્વારા ૩૦૦૮ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૪૨૨ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને ૧ હથિયાર જપ્ત કરવામાં આવ્યું હતું. જ્યારે રાજકોટ જિલ્લા(ગ્રામ્ય) પોલીસ દ્વારા ૧૨૧૨ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૪૧૨ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને બે હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. બાકીના હથિયારો જમા લેવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, તેમ રાજકોટ પોલીસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# પરસાણાનગરના યુવાનનો આર્થિક ભીંસથી કંટાળી આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આવેલા પરસાણાનગરમાં રહેતા યુવાને આર્થીકભીંસના કારણે જિંદગીથી કંટાળેલા યુવાને ઝેરી દવા પી લેતા યુવકનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ ઉપર આવેલા પરસાણાનગરમાં રહેતા અશોક સખીમલભાઈ કુકરેજા નામનો ૪૨ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવાનને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્રનગર પોલીસને જાણ કરતા પ્રનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. જયા યુવકનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછ પરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર અશોક કુકરેજા ચાર ભાઈમાં નાનો છે અને દુકાનમાં નોકરી કરી પરિવારનું પરિવારનું ગુજરાન ચલાવે છે. અને અશોક કુકરેજાને સંતાનમાં બે પુત્રી છે આર્થિક ભીંસના કારણે જિંદગીથી કંટાળી અશોક કુકરેજાએ ઝેરી દવા પી આપાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લોઠડાથી ખોખડદડ તરફ બાઈક પર જતા બે યુવાનને બોલેરો એ ઠોકરે ચડાવ્યા : એકનું મોત

## લતીપર રોડ પર ઈજાગ્રસ્ત હાલતમાં મળેલા યુવાનનું સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે લોઠડા ગામ થી બાઇક પર ડબલ સવારીમાં બે યુવાનો ખોખરદર ગામ તરફ જતા હતા ત્યારે રસ્તામાં બોલેરો કારના ચાલકે ઠોકરે ચડાવતા એક યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

આ બનાવની માહિતી મુજબ મૂડી યુપી નો વતની અને હાલ લોઠડા ગામે રહેતો અને વેલ્ડીંગ કામ કરતો ઉજવલકુમાર પર્વત શ્રીરામ અને બાલો ઉર્ફે ચૌધરી નામના બંને યુવાનો ગઈકાલે પોતાનું બાઈક લઇ લોઠડા થી ખોખરદર ગામ તરફ જતા હતા ત્યારે બપોરના ૩:૩૦ વાગ્યે



અજાણ્યા બોલેરો ના ચાલે કે ડબલ સવારી બાઈકને ઠોકરે ચડાવતા બંનેને ગંભીર જ થતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ગંભીર રીતે ગવાયેલા એક યુવાનનું મોત નીપજ્યું હતું બના અંગેની જાણ આજે ડેમ પોલીસને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે જયારે અન્ય બનાવમાં લતીપર રોડ પર બંગાળી માં રહેતો અને મૂળ એમપી નો વતની પીપળી ગામે ખેતી કામ કરતો હોય ગઈકાલે સાંજે ૭:૦૦ વાગ્યે બહાદુર દિલીપ વસુન્યા નામનો યુવાન પોતાનું બાઈક લઈ માવો લેવા જતો હતો ત્યારે લતીપર રોડ પર કોઈ અજાણ્યા વાહને ઠોકરે ચડાવતા યુવાનને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં રાજકોટ સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ બના અંગેની જાણ મોરબી તાલુકા પોલીસ માં કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે

# શહેરના યાજ્ઞિક રોડ પર બે કાર વચ્ચે ગંભીર અકસ્માતઃ બે યુવાનને બીજા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની મધ્યમાં આવેલા ડોક્ટર યાજ્ઞિક રોડ પર ઓપ્શન ના શોરૂમ સામે ગતરાત્રિના બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં બે યુવાનને ઇજા થતાં સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા લાખના બંગલા પાસે રહેતો પ્રકાશ બાબુભાઈ વાળા અને તેનો મિત્ર પાર્થરાજસિંહ ચુડાસમા અને ભગીરથસિંહ ઝાલા સહિતના ત્રણેય યુવાનો પોતે સ્વીકાર લઇ રેસકોસ રીંગરોડ પર ફરવા માટે નીકળ્યા હતા તે દરમિયાન જિલ્લા પંચાયત ચોકથી આગળ યાજ્ઞિક રોડ પર ઓપ્શનના શોરૂમ પાસે પહોંચતા





સામેથી આવતી mercedes કાર સાથે ધડાકાભેર અથડાતા ડમ્ફર અકસ્માત સર્જાયો હતો જેમાં પ્રકાશવાળાને અને તેના મિત્રોને નાની મોટી ઈજા થતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે બનાવ અંગેની જાણ પ્રવીણ નગર પોલીસને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે.